# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 26-10-2024 Evening : 7.50 to 8.00

Day : Saturday National News

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*****************************************************

- તમામ ડોકટરોને તેમના વ્યાવસાયિક જીવનના કેટલાંક વર્ષો ગ્રામીણ વિસ્તારોને સમર્પિત કરવા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની હાકલ
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે.
- સ્પેનના રાષ્ટ્રપતિ પેડ્રો સાંચેઝ આવતીકાલથી ત્રણ દિવસના ભારતના પ્રવાસે
- મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે ભાજપે 22, કોંગ્રેસે 23, શિવસેનાએ 15 જ્યારે એનસીપીએ અત્યાર સુધીમાં 67 ઉમેદવારોની યાદી જાહેર કરી.
- સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની ચર્ચામાં કાશ્મીર મુદ્દો ઉઠાવવા બદલ અને ઉશ્કેરણીજનક માહિતી ફેલાવવા બદલ ભારતે પાકિસ્તાનની કડક ટીકા કરી
- પૂણેમાં રમાયેલી બીજી ટેસ્ટમાં ભારતનો ન્યુઝિલેન્ડ સામે 113 રનથી પરાજય
- 

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# EVE.PRESIDENT-CHHATTISGARH-VISIT.RTF

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે તમામ ડોકટરોએ તેમના વ્યાવસાયિક જીવનના કેટલાક વર્ષો ગ્રામીણ વિસ્તારોને સમર્પિત કરવા જોઈએ. નવા રાયપુર સ્થિત યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સ અને આયુષના દીક્ષાંત સમારોહને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે છત્તીસગઢ જેવા રાજ્યોમાં જડીબુટ્ટીઓનો અખૂટ ભંડાર છે. રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે, તેના દસ્તાવેજીકરણની સાથે તેના પર આધારિત સંશોધનને પ્રોત્સાહન આપવું જોઈએ. અગાઉ, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારતીય ટેકનોલોજી સંસ્થાન (IIT) ભિલાઈના દીક્ષાંત સમારોહમાં હાજરી આપી હતી.

આ પ્રસંગે રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે આદિવાસી લોકો કુદરતી જીવનશૈલી દ્વારા સંચિત જ્ઞાનનો ભંડાર છે. રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે આદિવાસી લોકોની જીવનશૈલીમાંથી શીખીને દેશના ટકાઉ વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકાય છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે દેશનો સંપૂર્ણ વિકાસ ત્યારે જ શક્ય છે જ્યારે વિકાસ પ્રક્રિયામાં આદિવાસી લોકોની સક્રિય ભાગીદારી હોય. રાષ્ટ્રપતિએ વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રક પણ એનાયત કર્યા હતા.

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની આ 115મી કડી છે.

આવતીકાલે સવારે 11 વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે..

# SPAIN PRESIDENT

સ્પેનના રાષ્ટ્રપતિ પેડ્રો સાંચેઝ આવતીકાલથી 29મી ઓક્ટોબર સુધી ભારતની સત્તાવાર મુલાકાતે આવશે. તેની સાથે તેની પત્ની બેગોનાગોમેઝ પણ હશે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે આ તેમની પ્રથમ ભારત મુલાકાત હશે. સ્પેનના રાષ્ટ્રપતિની મુલાકાત 18 વર્ષ બાદ થઈ રહી છે.

આ પહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ સાંચેઝ બહુપક્ષીય બેઠકો દરમિયાન ઘણી વખત મળ્યા હતા. મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ સાંચેઝ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત કરશે. બંને નેતાઓ વડોદરા ખાતે C-295 એરક્રાફ્ટના ફાઇનલ એસેમ્બલી લાઇન પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે, જે ઉડ્ડયન ક્ષેત્રમાં મુખ્ય 'મેક ઇન ઇન્ડિયા' પહેલ છે, જે ટાટા એડવાન્સ સિસ્ટમ્સ દ્વારા એરબસ સ્પેનના સહયોગથી સ્થાપિત કરવામાં આવી રહી છે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર તેમની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ સાંચેઝ સાથે પણ મુલાકાત કરશે. પ્રમુખ સાંચેઝ મુંબઈની પણ મુલાકાત લેશે, જ્યાં તેઓ વેપાર અને ઉદ્યોગના અગ્રણીઓ, બુધ્ધિજીવી વર્ગ અને ફિલ્મ ઉદ્યોગ સાથે વાતચીત કરશે. મુલાકાત દરમિયાન દ્વિપક્ષીય સહકારને વેગ આપનારા સંખ્યાબંધ એમઓયુ અને કરારો પર હસ્તાક્ષર થશે.

# BJP-LIST.RTF

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે ભાજપે 22 ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. પાર્ટીએ નાસિક સેન્ટ્રલથી દેવયાની સુહાસ ફરાંડેને મેદાનમાં ઉતાર્યા છે. ડૉ. મિલિંદ રામજી નરોટે ગઢચિરોલી બેઠક પરથી અને ચૈનસુખ મદનલાલ સંચેતી મલકાપુર વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે. કોંગ્રેસ અને શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે)એ પણ તેમની બીજી યાદી જાહેર કરી છે.

કોંગ્રેસે મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી વસંત પુરકેને રાલેગાંવથી, અનુજા કેદારને સાવનેરથી અને દિલીપ બંસોડને અર્જુની-મોરગાંવથી મેદાનમાં ઉતાર્યા છે. શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે)એ ધુલેથી અનિલ ગોટે, હિંગોલીમાં રૂપાલી પાટીલ, શિવડીથી અજય ચૌધરી અને ભાયખલાથી મનોજ જામસુતકરને ઉમેદવાર બનાવ્યા છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાની અંતિમ તારીખ 29મી ઓક્ટોબર છે. 20મી નવેમ્બરે મતદાન થવાનું છે અને 23મી નવેમ્બરે મતગણતરી થવાની છે.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી -NCP એ આગામીમહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે આજે મુંબઈમાં ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. આજે જાહેર કરેલ નામોની સાથે, પાર્ટી દ્વારા અત્યાર સુધી જાહેર કરાયેલા ઉમેદવારોની કુલ સંખ્યા 67 છે.

# UNSC-INDIA.RTF

ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)ની ચર્ચામાં કાશ્મીર મુદ્દો ઉઠાવવા બદલ અને ખોટી, ઉશ્કેરણીજનક માહિતી ફેલાવવા બદલ પાકિસ્તાનની કડક ટીકા કરી છે..

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં "બદલાતા વાતાવરણમાં શાંતિનું નિર્માણ કરતી મહિલા" પરની ચર્ચા દરમિયાન, સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ, પી. હરીશે, પાકિસ્તાન ને મજબૂત જવાબ આપ્યો. તેમણે જમ્મુ અને કાશ્મીરને મંચ પર લાવવાના પાકિસ્તાનના પ્રયાસની ટીકા કરી, અયોગ્ય રાજકીય પ્રચારનો આરોપ લગાવ્યો.તેમણેકહ્યું કે  આ મહત્વપૂર્ણ વાર્ષિક ચર્ચામાં આવા રાજકીય પ્રચારમાં સામેલ થવું સંપૂર્ણપણે ખોટું છે.

# ISRO

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા ISROના અધ્યક્ષ ડૉ.એસ. સોમનાથે આજે જણાવ્યું હતું કે, ભારતની મહત્વાકાંક્ષા આગામી 10 વર્ષમાં વૈશ્વિક અવકાશ અર્થતંત્રમાં તેના  યોગદાનને 10 ટકા સુધી વધારવાની છે તેમણે કહ્યું કે હાલમાં વૈશ્વિક અવકાશ અર્થતંત્રમાં ભારતનું યોગદાન માત્ર 2 ટકા છે અને દેશ તેને વિસ્તારવા માંગે છે. ડૉ. સોમનાથ નવીદિલ્હીમાં આકાશવાણીના રંગ ભવનમાં "ઇન્ડિયન સ્પેસ ઓડિસી ઇન સર્ચ ઑફ ન્યુ ફ્રન્ટિયર્સ" પર સરદાર પટેલ મેમોરિયલ વ્યાખ્યાન 2024માં સંબોધન કરી રહ્યા હતા.

ISROના વડાએ અવકાશ ક્ષેત્રમાં રોકાયેલા વધુ હિતધારકો તરફથી સહયોગ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, અવકાશ ક્ષેત્રે સુધારા લાવવા માટે સરકારે અનેક પગલાં લીધા છે. તેમણે માહિતી આપી હતી કે સરકારે ભારતીય અવકાશ નીતિ 2023 રજૂ કરી છે તેમજ અવકાશ ક્ષેત્ર માટે FDIને ઉદાર બનાવ્યું છે. તેમણે કહ્યું કે હાલમાં આક્ષેત્રમાં 200થી વધુ સ્ટાર્ટઅપ છે, જ્યારે 2014માં માત્ર એક જ સ્ટાર્ટઅપ હતું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરી શકો છો...

# PM GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 28મી ઓક્ટોબરે રાજ્યની મુલાકાત લેશે, જ્યાં તેઓ અનેક પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે. મુલાકાત દરમિયાન, શ્રી. મોદી, સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાંચેઝ સાથે TATA એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ કેમ્પસમાં C-295 એરક્રાફ્ટના ઉત્પાદન માટે TATA એરક્રાફ્ટ સંકુલનું ઉદઘાટન કરશે. આ સુવિધા ભારતમાં લશ્કરી વિમાનો માટે ખાનગી ક્ષેત્રની પ્રથમ અંતિમ એસેમ્બલી લાઇન હશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અમરેલી ખાતે ભારત માતા સરોવરનું ઉદઘાટન કરશે અને આશરે 4 હજાર 900 કરોડના પ્રોજેક્ટનો શિલાન્યાસ પણ કરશે. આ પ્રોજેક્ટ્સથી રાજ્યના અમરેલી, જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, પોરબંદર, કચ્છ અને બોટાદ જિલ્લાના નાગરિકોને લાભ થશે. કનેક્ટિવિટી સુધારવા માટે, પ્રધાનમંત્રી બે હજાર 800 કરોડ રૂપિયાથી વધુની કિંમતના વિવિધ રોડ પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે. તેઓ લગભગ એક હજાર 100 કરોડ રૂપિયાના ખર્ચે પૂર્ણ થયેલા ભુજ-નલિયા રેલ ગેજકન્વર્ઝન પ્રોજેક્ટ પણ રાષ્ટ્રને સમર્પિત કરશે.

શ્રી મોદી અમરેલી જિલ્લામાં પાણી પુરવઠા વિભાગના 700 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટોનું ઉદ્ઘાટન પણ કરશે.

પ્રોજેક્ટ્સમાં નાવડાથી ચાવંડ બલ્ક પાઇપલાઇનનો સમાવેશ થાય છે, જે 36 શહેરો અને 1 હજાર 298 ગામડાઓમાં અંદાજે 67 લાખ લાભાર્થીઓને વધારાનું 28 કરોડ લિટર પાણી . પ્રધાનમંત્રી પ્રવાસન સંબંધિત વિકાસ પહેલનો શિલાન્યાસ પણ કરશે, જેમાં પોરબંદર જિલ્લાના મોકરસાગર ખાતેના કારલી રિચાર્જ જળાશયને વિશ્વ-કક્ષાના ટકાઉ પર્યાવરણીય પ્રવાસન સ્થળમાં રૂપાંતરિત કરવાનો સમાવેશ થાય છે.

# SOMNATH-ISRO---IIT-DELHI.RTF

ભારતીયઅવકાશ સંશોધન સંસ્થા-ઇસરોના અધ્યક્ષ ડૉ. એસ. સોમનાથે આજે જણાવ્યું કે અવકાશ તકનીક સમય સાથે વધુ સુલભ બની રહી છે અને તેનો વાસ્તવિક ઉપયોગ સતત વધી રહ્યો છે.

IIT દિલ્હી ખાતે એક કાર્યક્રમને સંબોધતા ડૉ. સોમનાથે કહ્યું કે અવકાશ ટેકનોલોજી અર્થતંત્ર, રોજગારી અને રોજગાર સર્જન પર સીધી અસર કરી રહી છે. આથી જ સરકારે તાજેતરમાં અવકાશ ક્ષેત્રમાં વધુ ખાનગી રોકાણ અને ખાનગી ભાગીદારી લાવવા માટે પહેલ કરી છે.

# REV.-ED---BLACK-TICKET-SEARCH.RTF

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ-ઇડીએ દેશના કેટલાક શહેરોમાં આગામી સંગીત કાર્યક્રમોની ટિકિટોના ગેરકાયદે વેચાણના સંબંધમાં વિવિધ શહેરોમાં 13 સ્થળોએ તપાસ અભિયાન હાથ ધર્યું છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આ દરોડા દિલ્હી, મુંબઈ, જયપુર, ચંદીગઢ અને બેંગલુરુમાં નકલી ટિકિટના ગેરકાયદે વેચાણ અને કૃત્રિમ રીતે વધેલી ટિકિટના ભાવના સંબંધમાં કર્યા છે. ગેરકાયદેસર નાણાં વ્યવહાર કાયદા હેઠળ આ દરોડા પાડવામાં આવ્યા છે.

આ કૌભાંડમાં ઉપયોગમાં લેવાતા મોબાઇલ ફોન, લેપટોપ અને સિમકાર્ડ સહિત અનેક ગુનાહિત સામગ્રી જપ્ત કરવામાં આવી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે કહ્યું કે આ કાર્યવાહીનો હેતુ ગેરકાયદેસર ટિકિટ વેચાણ અને આ કૌભાંડો સંબંધિત નાણાકીય નેટવર્કની તપાસ કરવાનો છે. આ દરોડાનો ઉદ્દેશ્ય આવી ગેરકાયદેસર પ્રવૃતિઓથી થતી ગુનાહિત ગતિવિધિઓને શોધી કાઢવાનો પણ છે.

# TESTMATCH INDIA LOST

પૂણે ખાતે રમાયેલી બીજી ટેસ્ટમાં ભારતનો ન્યુઝિલેન્ડની ટીમ સામે 113 રનથી પરાજય થયો છે..આજે મેચના ત્રીજા દિવસે 359 રનના જીતના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમ બીજી ઇનિંગમાં 245 રન બનાવી શકી હતી. ન્યૂઝીલેન્ડે બીજી ઇનિંગમાં 255 રન બનાવ્યા હતા. પહેલી ઇનિંગમાં કિવીઝે 259 રન બનાવ્યા હતા અને ભારતે 156 રન બનાવ્યા હતા. મિચેલ સેન્ટનરે પહેલી ઇનિંગમાં 7 અને બીજી ઇનિંગમાં 6 વિકેટ ઝડપી મેચમાં કુલ 13 વિકેટ ખેરવી હતી. આ જીત સાથે કિવીઝે 3 મેચની સિરીઝમાં 2-0ની સરસાઈ મેળવી લીધી છે. છેલ્લી અને ત્રીજી ટેસ્ટ મેચ પહેલી નવેમ્બરથી મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાશે  થશે.

દરમિયાન આવતા મહિને શરૂ થનારી ઑસ્ટ્રેલિયા સામેની બોર્ડર-ગાવસ્કર ટ્રોફી  શ્રેણી માટે ભારતની ટીમમાં જાહેર કરાઈ છે. જેમાં અભિમન્યુ ઇશ્વરન, નીતીશ કુમાર રેડ્ડી અને હર્ષિત રાણાને ટેસ્ટ ટીમમાં સમાવેશ કરાયો છે.

ભારતની ટીમ રોહિત શર્મા કેપ્ટન, જસપ્રિત બુમરાહ વાઇસ કેપ્ટન, જયસ્વાલ, અભિમન્યુ ઇશ્વરન, શુભમન ગિલ, વિરાટ કોહલી, KL રાહુલ, ઋષભ પંત (WK), સરફરાઝ ખાન, ધ્રુવ જુરેલ (WK), આર અશ્વિન, આર જાડેજા, મોહમ્મદ સિરાજ , આકાશ દીપ , પ્રસિદ્ધ કૃષ્ણ , હર્ષિત રાણા , નીતિશ કુમાર રેડ્ડી , વોશિંગ્ટન સુંદર. બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની શરૂઆત 22 નવેમ્બરે પર્થ ખાતે પ્રથમ ટેસ્ટ સાથે થશે.

# ESI-SCHEME.RTF

આ વર્ષે ઓગસ્ટમાં કર્મચારી રાજ્ય વીમા-ESI યોજના હેઠળ 20 લાખ 74 હજાર નવા કર્મચારીઓ નોંધાયા છે. શ્રમ અને રોજગાર મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઓગસ્ટમાં 28 હજાર 9સો 17 નવી સંસ્થાઓને ESI યોજનાના દાયરામાં લાવવામાં આવી છે. ગયા વર્ષના ઓગસ્ટની સરખામણીએ વાર્ષિક ધોરણે નોંધણીમાં 6.8-0 ટકાનો વધારો થયો છે.

# ZARKHAND ELECTION

ઝારખંડ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયા ગઈકાલે સમાપ્ત થઈ. આ તબક્કામાં 13મી નવેમ્બરે 43 બેઠકો પર મતદાન થશે. નામાંકનની ચકાસણી 28મી ઓક્ટોબરે થશે, જ્યારે ઉમેદવારો આ મહિનાની 30મી તારીખ સુધી તેમના નામાંકન પરત ખેંચી શકશે.

# ODISHA-CYCLONE.RTF

ઓડિશાના દરિયાકાંઠાના જિલ્લાઓમાં ગંભીર ચક્રવાતથી પ્રભાવિત વિસ્તારોમાં પુનર્વસન અને સેવાઓ પુનઃસ્થાપિત કરવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. વાવાઝોડાને કારણે અનેક વિસ્તારોમાં વીજલાઈનો તૂટી પડી હતી, મોટી સંખ્યામાં વૃક્ષો અને વીજ થાંભલા ધરાશાયી થયા હતા, ખાડામાં બનેલા મકાનોને નુકસાન થયું હતું અને હજારો હેક્ટર ડાંગરના ખેતરોમાં પાકને નુકસાન થયું હતું. ગંભીર ચક્રવાત દાના ગુરુવારે રાત્રે ઓડિશાના દરિયાકાંઠે ત્રાટક્યું હતું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ચક્રવાત હવે ઓડિશાના ઉત્તરીય ભાગોમાં ઓછા દબાણવાળા વિસ્તારમાં નબળું પડી ગયું છે. આગામી 12 કલાકમાં તે વધુ નબળું પડવાની અને સંપૂર્ણપણે વિખેરાઈ જવાની શક્યતા છે. ચક્રવાતને કારણે ઓડિશાના ભદ્રક, કેન્દ્રપારા, બલેશ્વર, જાજપુર અને મયુરભંજ જિલ્લામાં ભારે વરસાદ થયો હતો. રાજ્યના અનેક ભાગોમાં વરસાદ ચાલુ રહેવાની શક્યતા છે.